PTRC PEOPLES TRAINING & RESEARCH CENTRE
43, Shrinathdham Duplex, Dinesh Mill - Urmi Road, VADODARA - 390 007
Telefax - 0265 - 2345576, Email : ptrcvdr@yahoo.co.in, Website : www.peoplestraining.org

*પ્રેસનોટ*

## સીલીકોસીસનું જોખમ છે તેવા થાનના સીરામીક કામદારોને સામાજીક સુરક્ષાના કાયદાઓનો લાભ મળે છે?

**ઇએસઆઇ કાયદો લાગુ થયાને ૩૩ વર્ષ પછી અભ્યાસમાં આવરી લેવાયેલા ૧૦૦૦ કામદારો પૈકી ૧૬ કામદારોને ઇએસઆઇ કાયદાનો લાભ**

**પીએફ કાયદાનો લાભ ૨૭ કામદારોને**

**પગાર પાવતી કોઇને નહી.**

પીટીઆરસી વ્યવસાયીક આરોગ્ય અને સલામતીને મુદ્દે છેલ્લા ત્રીસેક વર્ષથી કામ કરતી સ્વૈચ્છીક સંસ્થા છે. તાજેતરમાં સંસ્થાએ થાનના સીરામીક કામદારોને ઇએસઆઇ અને પીએફના કાયદાનો લાભ મળે છે કે કેમ તેનો અભ્યાસ કર્યો. ૨૦૮ એકમના ૧૦૦૦ કામદારોએ આ અભ્યાસમાં ભાગ લીધો. થાનમાં ૨૫૦ જેટલા સીરામીક એકમો છે જે સેનીટરી અને અન્ય વસ્તુઓનું ઉત્પાદન કરે છે જેમાં ૨૦-૨૫ હજાર કામદારો કામ કરતા હોવાનો અંદાજ છે.

ઇએસઆઇનો કાયદો ભારતના ઉત્પાદનક્ષેત્રના કામદારોને સામાજીક સુરક્ષા પુરી પાડતો અગત્યનો કાયદો છે. કામદારો અને માલીકો બંને વીમાના પ્રીમીયમ પેટે ફાળો ભરે છે. થાનને ૧૯૮૮માં સદર કાયદા હેઠળ આવરી લેવામાં આવ્યું. સીરામીક ઉદ્યોગમાં કામ કરતા કામદારને સીલીકોસીસ જેવો ગંભીર રોગ થવા સંભવ છે. સીલીકોસીસ એ ફેફસાંનો જીવલેણ રોગ છે જેની કોઇ સારવાર નથી. સીલીકોસીસના દર્દીને શ્વાસ ચડે છે અને તે નીવૃત્ત થતાં પહેલાં જ મજુર બજારમાંથી બહાર ફેંકાઇ જાય છે. તે પછીનું તેનું જીવન બહુ દુખી હોય છે. એક તરફ આવક બંધ થઇ જાય અને બીજી તરફ સારવારના ખર્ચા વધી જાય. દેવામાં ડુબી જાય અને ગરીબીમાં ધકેલાઇ જાય. જે કામદારો ઇએસઆઇ કાયદા હેઠળ આવરી લેવાયા હોય તેમને વીનામુલ્યે સારવાર મળી શકે અને અપંગતા માટે વળતર મળી શકે. તેથી સીરામીક કામદારોને આ કાયદાનો લાભ મળે તે બહુ જરુરી છે.

અમે ૨૦૦ મહીલા કામદારો સહીત ૧૦૦૦ કામદારો સાથે વાત કરી માહીતી મેળવી. આ પૈકી મોટાભાગના કામદારો ૩૧-૪૦ની વયજુથના હતા. ૧૦૦૦માંથી ૭૧૫ ૪૦ વર્ષથી ઓછી ઉંમરના હતા. ૯૮૪ (૯૮.૪%) ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેમને ઇએસઆઇ કાયદાનો લાભ મળતો નથી. ૮ એકમના ૧૨ પુરુષ અને ૪ મહીલા થઇ કુલ ૧૬ ઉત્તરદાતાઓને જ આ કાયદાનો લાભ મળે છે. ૨૭ ઉત્તરદાતાઓને પીએફના કાયદાનો લાભ મળે છે. ૧૫ ઉત્તરદાતા એવા હતા જેમને બંને કાયદાનો લાભ મળે છે. આ અભ્યાસમાં એવું પણ જોવા મળ્યું કે આ કાયદાનો લાભ આપવામાં માલીકો કામદારો સાથે ભેદભાવ કરે છે. એટલે કે કારખાનાના અમુક કામદારોને જ લાભ આપવાનો અને બીજાને છોડી દેવાના. ૪૪ ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓ ૨૦ કરતાં વધુ વર્ષથી આ ઉદ્યોગમાં કામ કરે છે છતાં તેમને આ કાયદાઓનો લાભ અપાતો નથી.

૪૧ એકમના ૫૦ ઉત્તરદાતાઓ માસીક રુ.૫૦૦૦/- કમાતા હોવાનું જણાવ્યું. મહીલા અને પુરુષના વેતન વચ્ચે પણ ઘણું અંતર હોવાનું જોવા મળ્યું. સમાન કામ માટે સમાન વેતનનો કાયદાનો અમલ અહીં થતો નથી એમ કહી શકાય. ૫૭% ઉત્તરદાતાઓ સરેરાશ વેતન રુ.૯૦૦૦/- કરતાં ઓછું કમાતા હતા. ૬૦ વર્ષના એક ઉત્તરદાતા ૧૯૮૦થી કામ કરે છે અને છતાં મહીના માત્ર રુ.૭૦૦૦/- કમાય છે. ૪૦ વર્ષ પછી પણ એ લઘુત્તમ વેતન કરતાં ઓછું કમાય છે!

૧૦૦૦ પૈકી એક પણ ઉત્તરદાતાને પગાર પાવતી અપાતી નથી જે વેતન ચુકવણી કાયદા મુજબ આપવી જરુરી છે.

૧૦૦૦ પૈકી ૬ પુરુષ અને૪ મહીલા કામદારોએ ટીબીથી પીડાતા હોવાની માહીતી આપી. કેન્સર સહીતના જુદા જુદા રોગોથી પીડાતા હોવાનું ૨૫ ઉત્તરદાતાઓએ જણાવ્યું. ૨ ઉત્તરદાતા સીલીકોસીસથી પીડાતા હોવાની માહીતી મળી, જેમાંથી એક ૪૨ વર્ષના પુરુષ અને બીજા ૫૫ વર્ષના પુરુષ હતા. તે બંનેને ઇએસઆઇ કે પીએફના કાયદાનો લાભ મળતો નથી. તે બંને માસીક રુ.૭૦૦૦/- કમાતા હોવાની માહીતી આપી જે લઘુત્તમ વેતન કરતાં પણ ઓછું વેતન છે.

આ અહેવાલ થાનના સીરામીક કામદારોને સામાજીક સુરક્ષાનો લાભ મેળવી આપવામાં મદદ કરશે તેવી અમને આશા છે જે તમના જીવન ધોરણમાં સુધારો કરે.

અમે વીધાનસભા અને સંસદના ચુંટાયેલા પ્રતીનીધીઓ તેમજ સંબંધીત અધીકારીઓને જરુરી પગલાં લેવા વીનંતી કરીએ છીએ જેથી તેમના કલ્યાણ માટે સંસદે ઘડેલા કાયદાઓનો કામદારોને લાભ મળે. અહેવાલમાં ભલામણો પણ કરવામાં આવી છે તેમજ આ પરીસ્થીતી શા કારણે છે તેની પણ ચર્ચા કરવામાં આવી છે.

સંપુર્ણ અહેવાલ માટે સંપર્કઃ

**Jagdish Patel**
9426486855
jagdish.jb@gmail.com
26.10.21